Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



# પર્યાવરણ સંરક્ષણમાં યજ્ઞોનું યોગદાન

ડૉ. કનુભાઈ ડી. વૈષ્ણવ
સંસ્કૃત વિભાગ,
શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ

---

પર્યાવરણ સંરક્ષણમાં યજ્ઞોનું મહત્વપૂર્ણ સ્થાન રહેલું છે. ભારતીય પરંપરા અનુસાર સૃષ્ટિના આદાનપ્રદાનના ક્રમમાં યજ્ઞને ઉપયોગી માનવામાં આવે છે. તેનું મુખ્ય કારણ યજ્ઞની વિધિઓ છે. જેના લીધે પ્રાકૃતિક સમતુલન જાળવી શકાય છે. યજ્ઞ દ્વારા પર્યાવરણની સુરક્ષા, વાયુમંડળની પવિત્રતા, વિવિધ શારીરિક રોગોનો નાશ, શારીરિક અને માનસિક વિકાસ તથા રોગ નિવારણથી દિર્ધાયુ પ્રાપ્ત થાય છે. યજ્ઞ દ્વારા ભૂ-પ્રદૂષણ, જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ અને ધ્વનિ પ્રદૂષણને દૂર કરી શકાય છે. આ કારણોસર વેદોમાં યજ્ઞ પર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. અને એને સંપૂર્ણ માનવજાત માટે અનિવાર્ય ધાર્મિક કાર્ય માનવામાં આવે છે.

યજ્ઞ શબ્દ यज् ધાતુ માંથી બન્યો છે. તેના ત્રણ અર્થ થાય છે દેવપૂજા, સંગનિકરણ, દાન. ભ.ગીતમાં યજ્ઞ શબ્દ જે યજ્ઞ શબ્દ છે તે આત્મસમર્પણ રૂપે સામાન્ય યજ્ઞનો વાચક છે. યજ્ઞના વિવિધ પ્રકાર - જ્ઞાન, તપ,દાન, જપ, સ્વાધ્યાય, દૈવ પિતૃ, મનુષ્ય, ભૂત, ઋષિ, બ્રહ્મયજ્ઞ, ઈન્દ્રિય વગેરે. સીજ યજ્ઞ જીવના કર્માંગો સાથે જોડાય છે. યજ્ઞનો પ્રચાર ઓછો છે પણ અગ્નિ ચાતુર્માસ્ય આદિ શ્રૌતયજ્ઞો તથા ગૃહ્યસૂત્રોમાંના યજ્ઞો પ્રચલિત છે. યજ્ઞો બે પ્રકારના છે. શ્રૌત અને સ્માર્ત- શ્રૌતયજ્ઞોમાં બે વર્ગો પાડવામાં આવ્યા છે. હવિર્યજ્ઞ અને સોમયજ્ઞ, અગ્ન્યાધાન, અગ્નિહોમ, દર્શયોર્ણમાસ, પિંડપિતૃય, આગ્રયણ, ચાતુર્માસ્ય અને દક્ષાયણ એ સાત હવિયજ્ઞો છે. અગ્નિષ્ટોમ, ઉકશ્ય, ષોડશી, અત્યગ્નિષ્ટોમ, અતિરાગ, બાજપેય અને આપત્તિયો એ સાત સોમ યજ્ઞો છે.

યજ્ઞને યાગ કે અગ્નિહોત્ર કહેવામાં આવે છે. અગ્નિહોત્ર એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે જેનાથી વાયુમંડળમાં ઓક્સિજન અને કાર્બન ડાયોક્સાઈડનું સંતુલન બની રહે છે.[1] પ્રકૃતિમાં એક ચક્રની વ્યવસ્થા છે. જે અનુસાર પ્રત્યેક પદાર્થ પોતાના મૂળ સ્થાન પર પહોંચે છે. એના ફળ સ્વરૂપે વર્ષા, ઋતુ પરિવર્તન વગેરે પ્રાકૃતિક ક્રિયાઓ સંપન્ન થાય છે. ઋગ્વેદ અને યજુર્વેદમાં આ પ્રાકૃતિક યજ્ઞના વિષયમાં વિધાન કરવામાં આવ્યું છે કે વર્ષા જડરૂપી યજ્ઞમાં વસંતઋતુ ઘી છે. ગ્રીષ્મ ઋતુ સમિધા છે અને શરદઋતુ હવિ છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

यत पुरुषेण हविषा देवा यज्ञमतन्वत ।

वसन्तोऽस्यास्तदाज्यं ग्रीष्मः इध्मः शरद हविः ।।[२]

યજુર્વેદમાં યજ્ઞને સૃષ્ટિ ચક્રની નાભિ કહેવામાં આવે છે.

अयं यज्ञो भवनस्य नाभिः ।[3]

શ્રીમદ ભગવદ્ ગીતા કહેવામાં આવ્યું છે કે યજ્ઞ દ્વારા તેને પ્રસન્ન કરો અને દેવો વર્ષા દ્વારા સર્વને પ્રસન્ન કરે. આ પ્રકારના આદાનપ્રદાનથી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

देवान भावयतानेत ते देवा भावयन्तुवः ।

परस्परं भावयन्त, श्रेयः परमवास्तथा ।।[४]

બ્રાહ્મણગ્રંથોમાં પણ યજ્ઞને સૃષ્ટિનું કેન્દ્રસ્થાન બતાવવામાં આવ્યુ છે. યજ્ઞ પ્રદૂષણને દૂર કરી પવિત્રતા પ્રદાન કરે છે. આ માટે યજ્ઞને અતિશ્રેષ્ઠ કર્મ કહેવામાં આવે છે.

यज्ञो हि श्रेष्ठतमं कर्म ।[५]

यज्ञो वै श्रेष्ठतमं कर्म ।[६]

યજ્ઞ શબ્દ यज् ધાતુમાંથી નિષ્પન્ન થયો છે. તેનો અર્થ યજન કરવું, હોમવુ એવો થાય છે. यज देवपूजा संगतिकरण दानेषु સૂત્ર અનુસાર જે કર્મમાં પરમેશ્વરનું પૂજન, વિદ્વાનોના સત્કાર અને હવિ વગેરેનું દાન કરવામાં આવે છે. તેને યજ્ઞ કહેવામાં આવે છે. યજ્ઞ શબ્દ સર્વાંગીણ પ્રક્રિયા, પદ્ધતિ અને જીવનશૈલીનું નામ છે. જે માનવજીવનમાં આદ્યોપાન્ત અનુકરણીય છે. આ જીવનની સમસ્ત ભૌતિક અને આધ્યાત્મિક પ્રાપ્તિઓની સફળ ચાવી છે. જે અમારા આદિ ઋષિઓની સર્વોત્તમ ખોજ છે. બ્રહ્માથી શરૂ કરીને જૈમિની ઋષિ પર્યન્ત હવનનો એટલો વિકાસ થયો છે કે યજ્ઞ જીવનની આવશ્યકતાની સાથે સાથે માનવની માનસિક શાન્તિ તેમજ સુખ સંતોષનું કેન્દ્ર બિન્દુ બની ગયેલ છે. રામાયણકાળથી મહાભારતકાળ સુધી રાજમહેલોથી ઋષિઓની કુટિરો સુધી યજ્ઞ નિર્બાધ પ્રજવલિત રહ્યો છે. યજ્ઞને દેવયજ્ઞ, હવન,હોત્ર તથા અગ્નિહોત્ર પણ કહેવામાં આવે છે. ગીતામાં શ્રીકૃષ્ણે યજ્ઞને શ્રેષ્ઠકર્મ કહ્યું છે. યજ્ઞની મહત્તાનું વર્ણન કરતાં કહ્યું છે કે अग्निहोत्र जहयात स्वर्गकामः । અર્થાત્ સ્વર્ગની કામના કરનાર પ્રતિદિન યજ્ઞોનું અનુષ્ઠાન કરવું જોઈએ. યજ્ઞમાં જળ, પૃથ્વી, વાયુ વગેરેની શુદ્ધિ માટે આહુતિઓ હોમવામાં ગર્વ છે. એટલે તેને અગ્નિહોત્ર કહે છે. યજ્ઞને હવિ પણ કહેવામાં આવે છે. હવિનો અર્થ વિષય હરી લેનાર, ભૌતિક અગ્નિમાં રોગ વિનાશક ઈન્દ્રિયો, મન તથા આત્મા હવિ છે. જેના

દોષોને આધ્યાત્મિક અગ્નિ દ્વારા દૂર કરવામાં આવે છે. યજ્ઞના અગ્નિની જ્વાળાઓના વિવિધ પ્રકારના રંગો પર મનને એકાગ્ર કરવાથી ચિત્તની કુવૃત્તિને પરિષ્કૃત કરી નાખવામાં આવે છે.

ગતિ જ જીવન છે એ પ્રકારની માન્યતાઓ બધા જ પ્રકારની સભ્યતાઓ અને કાળોમાં શાશ્વત સત્ય સ્વરૂપે સ્થાપિત છે. સંસારમાં સદાય મનુષ્ય પ્રગતિ અને ઉન્નતિ માટે પ્રયત્નશીલ રહ્યો છે. જેના માટે ઋષિઓ દ્વારા ઉપદિષ્ટ એવો ક્રમ આપ્યો છે. જેનાથી સમગ્ર પ્રદૂષણો, રોગ, દુ:ખ વગેરે નષ્ટ થઈ જાય છે. પુરાણોમાં કહેવામાં આવ્યું છે કે यज्ञा कल्याणहेतवः ।[૭]

મહર્ષિ દયાનંદ સરસ્વતીએ કહ્યું છે કે મંત્ર, પાઠ, અગ્નિની સાથે વિવિધ તત્વોના સંયોગથી ઉત્પન્ન રોગનાશક વાયુ સહિત અન્ય તત્વો દોષ મુક્ત થાય છે.

ઐતરેય બ્રાહ્મણમાં યજ્ઞનું મહત્વ દર્શાવતું કહેવામાં આવ્યું છે કે यज्ञोडपि तस्यै जनतायै कल्पते, यत्रैव होता भवति ।[૮]

જ્યાં યાજ્ઞિક યજ્ઞનું મહત્વ તેમજ વિધિનો જાણકાર હોય છે તે યજ્ઞ સંપૂર્ણ જન સમૂહોની ઈચ્છાઓને સંપૂર્ણ રીતે પૂર્ણ કરે છે. યજ્ઞ પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, આકાશ, મન, બુદ્ધિ શરીરનો ઉપકારક છે. યજુર્વેદમાં કહેવામાં આવ્યું છે કે ऋषयः मन्त्र-दष्टारः। તેના અનુસંધાનમાં યજ્ઞનની ઉપયોગિતા અંગે જણાવે છે કે

वसोः पवित्रमसि द्यौरसि पृथिव्यसि मातरिश्वनो धर्मोऽसि विश्वधाऽसि ।[૯]

परमेण धाम्ना दहस्व मा हार्मा ते यज्ञपतिहषि યજ્ઞ સર્વને પ્રવિત્ર કરનાર, જ્ઞાનનો પ્રકાશ કરનાર, દેશ દેશાન્તરોમાં ફેલાનાર, વાયુની શુદ્ધિ, અતિ દૃષ્ટિવાન, એક સ્થળેથી બીજે સ્થળ સુધી સુખ આપનાર છે તેથી તેનો ત્યાગ કરવો જોઈએ.

સૃષ્ટિના આધારભૂત પાંચ મહાભૂતો વાયુનું અગત્યનું સ્થાન રહેલું છે.

यो वै प्राणः स वातः ।[૧૦]

વાયુ જ પ્રાણ છે.

वातो है प्राण उच्यते ।

યજુર્વેદમાં ते प्राणी वातेन गच्छताम् ।[૧૧]

પ્રાણ પવિત્ર વાયુની સાથે પવિત્રતાથી ભ્રમણ કરે.

ઋગ્વેદ - तस्मा एतत्पन्यतमयि जुष्टमग्नौ मित्राय हविराजुहोत[૧૨]

બધા પ્રાણીઓના આધારભૂત તેમજ પ્રશંસનીય પ્રાણવાયુને પ્રસન્ન કરવા માટે (પ્રદૂષણ મુક્ત કરવા માટે) યજ્ઞને અગ્નિમાં સુગંધિત, સુખાકારી હવન કરવા યોગ્ય પદાર્થો અર્પણ કરવા

વેદોમાં યજ્ઞથી વાયુ પ્રદૂષણ શુદ્ધિ સિવાય યજ્ઞના પવિત્ર વાયુથી રોગ મુક્તિનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો છે. યજ્ઞના માધ્યમથી વિશેષ વિદ્રવ્યોની મદદથી ઔષધિયુક્ત વાયુ દ્વારા રાજધર્મમાં પ્રભાવથી યુક્ત વાયુથી શુદ્ધ ધરતી આપણુ રક્ષણ કરે.

વેદોમાં અનેક મંત્ર મળી આવે છે. જેનાથી યજ્ઞ દ્વારા જળની શુદ્ધિ થાય છે. જળ જ જીવન છે. જે વર્તમાન સમયમાં જૂની થઈ ગયેલી કહેવત છે. સ્વાર્થપરાયણ વૃત્તિને કારણે માનવે જળનો દૂરુપયોગ કરીને વિષતુલ્ય બનાવી દીધું છે. તેનો મતલબ એ છે કે મોટાભાગના રોગો જળને કારણે ઉત્પન્ન થાય છે જે યજ્ઞથી જ પ્રદૂષણ દૂર કરી શકાય.

पवित्रे स्थो वैष्णव्यो सवितुर्वः प्रसव उत्पुनाम्यच्छिद्रेण पवित्रेण सूर्यस्थ रश्मिभिः ।

देवीरापाऽअग्रेगुवो अग्रेपुवोऽग्रऽममहयं यज्ञं नयताग्रे सुघातुं यज्ञपतिं देवयुवम्।।[13]

માનવ દ્વેષાદિ ગુણોને કારણે પ્રાકૃતિક સંપત્તિને ક્લુષિત કરી દે છે. તેનાથી બચવા માટે અનેક મંત્રોમાં કહેવામાં આવ્યું છે કે

मा नो दिक्षत कश्चन ।

પૃથ્વી, રૂપ, રસ, ગન્ધ, સ્પર્શવાળી છે.

પૃથ્વીનો ગુણ ગંધ છે. પરંતુ મનુષ્ય કેટલાક રાસાયણિક પ્રયોગો કરીને પૃથ્વીને પ્રદૂષિત કરે છે. વેદમાં કહેવામાં આવ્યું છે કે,

यज्ञो गन्धः पृथिवी सम्बभूव यं बिभ्रत्योषघया ययापः ।

यं गन्धर्वा अप्तसारसश्च भेजिरे ऐन मा सुरभिं कृणु ।।[14]

यस्ते गन्धः पुष्करमाविवेश यं सं जभ्रुः सुर्याया विवाहे ।

अमर्त्याः पृथिवि गन्धमग्ने तेन मा सुरभि कृणु ।।[15]

જ્યાં જ્યા પ્રદૂષણ છે ત્યાં ત્યાં પૃથ્વી ગંધરહિત બની રહી છે. જેનાથી પ્રાણી જગત પ્રદૂષિત થઈ રહ્યું છે.

વસ્તીવધારો, જંગલો હટાવવા શૌચાદિ ક્રિયાથી વિવિધ પરિણામોથી વાતાવરણ ક્લુષિત બને તે સ્વાભાવિક છે. વનો, વૃક્ષો, માનવજાત માટે અત્યંત હિતકારી છે. વનસ્પતિ સૂક્તમાં વનદેવતાનું ભરપૂર વર્ણન કરવામાં આવ્યું છે તેમજ તેની મહત્તા પણ ઋષિઓએ વર્ણવી છે.

યજુર્વેદના એક મંત્રમાં કહેવામાં આવ્યું છેકે पृथिवी मातर्मा मा हिंसीमा अहं त्वाम् ।।[16]

પૃથ્વી સુંદર રૂપવાળી, શાન્તિ, સુખ, સુગંધ, અન્ન, જળ, ઈચ્છાવાન અને કલ્યાણકારી છે. માનવનો ધર્મ છે કે પૃથ્વીને પ્રદૂષિત થતાં અટકાવે

અગ્નિની ચારેય વેદોમાં વધારે સૂક્તોમાં વર્ણન કરવામાં આવ્યું છે. જેના વિના જીવન શક્ય નથી.

અથર્વ. – અગ્નિ જ વિશ્વનું પ્રથમ કિરણ છે.

अग्निर्वा प्रथम विश्वज्योतीतः ।[१७]

પૃથ્વી લોકનો સ્વામી (અગ્નિ) ઉર્જા આપે

अग्ने पृथिविपते ऊर्जनो देहि ।[१८]

ઋગ્વેદ – ઉર્જાની પ્રાપ્તિ અગ્નિથી થાય છે.

अग्निना रयिश्चवत पोषमेव दिवेदिवे ।[१९]

अग्निर्भूम्याभोजर्घाष्वग्निनायो बिभ्रत्याग्निरशमसु अग्निरन्तः पुरुषेषु गोष्वश्वेष्वग्नयं ॥

पुनानि यदिदं विश्वम् एवाग्निः पृथिवीडथ वैखानस ऋषिभिस्तेन पवमान इति स्तुतः ॥

अग्निमिस्य भेषणम ।

अग्निर्वृत्राणि जगन्नद द्रविणस्युर्विपन्यया समृद्धिः शुक आहूतः ।

આકાશ તત્વને પિતા માનવામાં આવે છે.

ध्यौ नः पिता ।[२०]

પ્રાચીન સમયથી માનવ અંતરિક્ષને શુદ્ધ અને પ્રદૂષણ રહિત માનતો રહ્યો છે. સર્વ ગ્રહોનું ભ્રમણ અબાધિત રૂપે આકાશ જ છે. પરંતુ વિવિધ પ્રકારના અવકાશી ઉપકરણોને કારણે પ્રદૂષિત થતું રહે છે. જેને કારણે ગતિવિધિ પર તેનો પ્રભાવ પડી રહ્યો છે. વેદોમાં સ્પષ્ટ પણે જણાવ્યું છે કે अन्तरिक्षं मा हिंस्त ।

अन्तरिक्षं दृहं, अन्तरिक्षं मा हिंस्त ।

अन्तरिक्षं पृण, अन्तरिक्षं जिन्व ।

અંતરિક્ષને પ્રદૂષણ મુક્ત કરી તેને સુદૃઢ બનાવવું. તેને હાનિ ન થાય તે માટે ધ્યાન રાખવું. અંતરિક્ષના પ્રદૂષણને અટકાવવા માટે કે નષ્ટ કરવા માટે યજ્ઞાગ્નિમાં પૌષ્ટિક સુગંધિત ઔષધિઓ ઘી સહિત હોમ કરીને તેની બનેલી બાષ્પ અંતરિક્ષ સુધી પહોંચી તેને મલાર્કેના પરમાણુઓનો સંગોગ કરી વિષયયુક્ત પરમાણુઓનો વિનાશ કરી દે છે. વિષયુક્ત પરમાણુઓ નાશ પામતાં શુદ્ધ બાષ્પરૂપે પરિવર્તન પામે છે અને વાદળોનું સ્વરૂપ ધારણ કરી વરસાદ રૂપે ધરતી પર પડે છે તે વાદળોના જળમાં પૌષ્ટિકતા અને રોગનાશક ગુણો હોવાથી કૃષિ તેમજ પાક પોષણકાર બને છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

પાદટીપ :

(૧) યજ્ઞ – અગ્નિહોત્ર સે વાયુમંડલ સંશોધન – પં.શ્રીરામ શર્મા આચાર્ય
(૨) ઋ.૧૦-૧૦-૬
(૩) યજુ.૨૩/૨
(૪) ભ.ગીતા- ૩/૧૧
(૫) તૈ.બ્રા. – ૩-૨-૧-૪
(૬) શ.બ્રા. – ૬-૭-૫
(૭) વિ.પુ. – ૬-૧-૮
(૮) ઐ.બ્રા. – ૧-૨૦
(૯) યજુ. – ૧-૨
(૧૦) શ.બ્રા. – ૬-૭-૧૨
(૧૧) યજુ. – ૬-૧૦
(૧૨) ઋક્. – ૩-૫૯-૧૫
(૧૩) યજુ. – ૧-૧૨
(૧૪) અથર્વ. – ૧૨-૧-૨૨
(૧૫) અથર્વ. – ૧૨-૧-૨૪
(૧૬) યજુ. – ૧૦-૨૩
(૧૭) અથર્વ. – ૧૨-૧-૬, જૈ.બ્રા.-૧-૨-૩૨
(૧૮) યજુ. – ૩-૧૧, તૈ.બ્રા.- ૩-૧૧-૯-૧
(૧૯) ઋક્. – ૧-૧-૩
(૨૦) તૈ.બ્રા. – ૩-૭-૫

સંદર્ભ ગ્રંથ :

(૧) ઋગ્વેદ – पं. श्रीपाद दामोदर सातवलेकर, स्वाध्याय मण्डल, पारडी
(૨) યજુર્વેદ – पं. श्रीपाद दामोदर सातवलेकर, स्वाध्याय मण्डल, पारडी
(૩) અથર્વવેદ – पं. श्रीपाद दामोदर सातवलेकर, स्वाध्याय मण्डल, पारडी
(૪) વિષ્ણુપુરાણ – ગીતાપ્રેસ, ગોરખપુર
(૫) શ્રીમદ ભગવદગીતા – ગીતાપ્રેસ, ગોરખપુર